# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

***************************************************

1) પાકિસ્તાને જમ્મુ કાશ્મીર, ગુજરાત અને રાજસ્થાન સરહદે કરેલા ડ્રોન અને મિસાઇલ હુમલાઓને ભારતે નિષ્ફળ બનાવ્યાં.
2) ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં સંખ્યાબંધ સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને પ્રણાલીઓ ધ્વસ્થ કરી.
3) પાકિસ્તાનના આક્રમણને પગલે ગુજરાત સહિત દેશનાં 24 વિમાનમથકો નાગરિક ઉડ્ડયન માટે બંધ કરાયા
4) ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈ રાત્રે ગાંધીનગર ખાતે રાજ્યની સલામતી સ્થિતિની સમીક્ષા કરી
5) ધર્મશાળામાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની IPLની ચાલુ મેચ સાવચેતીના પગલા રૂપે રદ - આજે લખનૌ સુપર જાયન્ટ્સનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે.

***************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDIA-PAK ATTACKS

પાકિસ્તાન દ્વારા જમ્મુ તેમજ પશ્ચિમ સરહદ નજીકના કેટલાંક લશ્કરી મથકોને નિશાન બનાવીને કરેલા હવાઈ હુમલાઓને ભારતે સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યા છે. ગુરૂવારે રાત્રે પાકિસ્તાનનાં ડ્રોન અને મિસાઇલોને ભારતની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. સશસ્ત્ર દળોએ જણાવ્યું છે કે, આ હૂમલાઓમાં ભારતને કોઈ નુકસાન થયું નથી.

પાકિસ્તાનનાં હૂમલાને પગલે જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતના ભુજનાં કેટલાંક વિસ્તારોમાં અંધારપટ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન તરફથી જમ્મુ કાશ્મીરમાં સતવારી, સાંબા, આરએસ **પુરા અને અર્નિયામાં આઠ મિસાઇલો ફેંકવામાં આવી હતી, જેને હવાઇ સંરક્ષણ એકમો દ્વારા આંતરીને નિષ્ક્રિય બનાવવામાં આવી હતી.**

**આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલા જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરના સૈન્ય મથકોને પાકિસ્તાને મિસાઈલ અને ડ્રોનનો ઉપયોગ કરીને નિશાન બનાવ્યા હતા, જેમાં કોઈ નુકસાન થયું નથી. દરમિયાન રાત્રે 11 વાગ્યે સાંબા જિલ્લામાં સરહદ સલામતી દળે આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘુસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.**

**સંરક્ષણ સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે પશ્ચિમી સરહદ પર અનેક સ્થળોએ ડ્રોન જોવા મળ્યા હતા. કચ્છ જિલ્લાના અમારા સંવાદદાતા હેમાંગ પટણી જણાવે છે કે,** કચ્છના સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાની ડ્રોન તોડી પાડવામાં આવ્યું છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યાં છે અમારા પ્રતિનિધિ

**(બાઈટ –હેમાંગ પટ્ણી )**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સરહદની સ્થિતિનો તાગ મેળવવા બીએસએફ અને સીઆઇએફના ડાયરેક્ટર જનરલ સાથે વાત કરી હતી. વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે અમેરિકા સહિતનાં દેશોનાં સમકક્ષો સાથે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, ભારત કોઈ પણ હૂમલાનો જડબાતોડ જવાબ આપશે.

. . . . . . . . . . . . . . .

# FAKE NEWS SUICIDE ATTACK

સંરક્ષણ સૂત્રોએ કહ્યું છે કે પઠાણકોટ અથવા રાજૌરીમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી હુમલાના સંદર્ભમાં આપવામાં આવેલી માહિતી સંપૂર્ણપણે ખોટી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે બંને બાજુએ ટેન્કોની કોઈ હિલચાલ થઈ નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LAHOR ATTACK

ભારતીય સશસ્ત્ર દળોએ ગઈકાલે પાકિસ્તાનમાં સંખ્યાબંધ સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને પ્રણાલીઓને નિશાન બનાવી હતી. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર એવું જાણવા મળ્યું છે કે લાહોરમાં હવાઈ સંરક્ષણ પ્રણાલીને નિષ્ક્રિય કરી દેવામાં આવી છે.

પાકિસ્તાને ગુરુવારે ડ્રોન અને મિસાઇલનો ઉપયોગ કરીને અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, આદમપુર, ભટિંડા, ચંદીગઢ, નલ, ફલોદી, ઉત્તરલાઈ અને ભુજ સહિત ઉત્તર અને પશ્ચિમ ભારતમાં સંખ્યાબંધ લશ્કરી લક્ષ્યોને નિશાન બનાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AIR PORT CLOSED

પાકિસ્તાન તરફથી થયેલા આક્રમણને ધ્યાનમાં રાખીને કિશનગઢ, ભુંતર અને લુધિયાણા સહિતનાં 24 હવાઇમથકો બંધ કરી દેવામાં આવ્યા છે. અગાઉ રાજસ્થાન, પંજાબ, જમ્મુ અને કાશ્મીર, ચંદીગઢ અને હિમાચલ પ્રદેશમાં અનેક હવાઇમથકોની કામગીરી સ્થગિત કરવામાં આવી હતી.

ગુજરાતમાં રાજકોટ, પોરબંદર, કંડલા, ભુજ, કેશોદ, જામનગર અને મુન્દ્રા વિમાનમથકોને નાગરિક ઉડ્ડયન માટે બંધ કરવામાં આવ્યા છે.

દરમિયાન, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે દેશભરના હવાઇમથકો બંધ કરવામાં આવ્યા હોવાના મીડિયાના અહેવાલોને ખોટા ગણાવ્યા છે.

દિલ્હી હવાઇમથકે કહ્યું છે કે કામગીરી સામાન્ય રીતે ચાલી રહી છે. હવાઈ ક્ષેત્રની બદલાતી સ્થિતિ અને વધુ સુરક્ષાને કારણે કેટલીક ઉડાનોને અસર થઈ છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DELHI - HOLIDAY

દિલ્હી સરકારે આગામી સૂચના ન મળે ત્યાં સુધી તેના અધિકારીઓની તમામ રજાઓ રદ કરી દીધી છે. એક સત્તાવાર આદેશમાં, સરકારે જણાવ્યું હતું કે આ નિર્ણય પ્રવર્તમાન પરિસ્થિતિ અને કટોકટી પ્રતિક્રિયા પ્રણાલીની સજ્જતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

.....................................................................

# MERGANCY MEETING HARSH SANGHVI

ભારત-પાકિસ્તાન સરહદ પર વધેલી તંગદીલીનાં પગલે ગુજરાતના સરહદી જિલ્લાની પરિસ્થિતિ પર નજર રાખવા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ગઈકાલે મોડી રાત્રે સમીક્ષા બેઠક યોજાઈ હતી..

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે યોજાયેલી આ બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવ, રાજ્ય પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કલેક્ટર સાથે સ્થાનિક સ્થિતિ અંગે જાણકારી મેળવીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને, તે માટે વિશેષ તકેદારી રાખવા સૂચનાઓ આપવામાં આવી હતી..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

National Morning News 09-05-2025 at 7.45-7.55 AM-9

# POP ELECTED

અમેરિકન પાદરી રોબર્ટ ફ્રાન્સિસ પ્રીવોસ્ટને નવા પોપ તરીકે ચૂંટવામાં આવ્યા છે. કેથોલિક ચર્ચના ઇતિહાસમાં તેઓ પ્રથમ અમેરિકન પોપ બન્યા છે. પોપ તરીકે તેમનું નામ પોપ લિયો 14 રહેશે.

શિકાગોમાં જન્મેલા 69 વર્ષીય પ્રીવોસ્ટ ઓગસ્ટિનિયન ઓર્ડરનાં સભ્ય છે અને તેમણે પેરુમાં સેવા આપી છે.

વેટિકન બાલ્કનીમાંથી જનમેદનીને સંબોધતા રોમન કેથોલિક ચર્ચના નવા વડાએ વિશ્વને શાંતિનો સંદેશો આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RUSSIA-CEASEFIRE

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા જાહેર કરાયેલા વિજય દિવસ યુદ્ધવિરામ બાદ રશિયાએ યુદ્ધવિરામ સ્થગિત કરી દીધો છે, જે ગઈકાલથી અમલમાં આવ્યો છે. શ્રી પુતિને 28 એપ્રિલના રોજ વિજય દિવસની ઉજવણીને કારણે યુક્રેનમાં ચાલી રહેલા 'વિશેષ લશ્કરી કાર્યવાહી'માં 72 કલાકના યુદ્ધવિરામની જાહેરાત કરી હતી.

..............................................................................

# IPL

ધર્મશાળામાં હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની IPL મેચ ગઈકાલે સાંજે સાવચેતીના પગલા રૂપે રદ કરવામાં આવી હતી.

જ્યારે સ્ટેડિયમની ફ્લડ લાઈટો બંધ કરવામાં આવી ત્યારે પંજાબ કિંગ્સે 10.1 ઓવરમાં 1 વિકેટે 122 રન બનાવ્યા હતા.

રવિવારે બપોરે ધર્મશાળામાં પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચને સલામતીનાં કારણોસર હવે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખસેડવામાં આવી છે. આ મેચ બપોરે 3-30 વાગ્યે શરૂ થશે.

આજે લખનૌમાં સાંજે 7.30 વાગ્યે લખનૌ સુપર જાયન્ટ્સનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WORLD SQUASH CHAMPIONSHIPS

સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહ અમેરિકાના શિકાગોમાં આજે શરૂ થઈ રહેલી વર્લ્ડ સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં ભારતના અભિયાનનું નેતૃત્વ કરશે. વૈશ્વિક સ્તરે 62મો ક્રમ ધરાવતાં અનાહત ભારતનાં પ્રથમ ક્રમાંકિત મહિલા ખેલાડી છે. પ્રથમ રાઉન્ડમાં તેમનો સામનો વિશ્વનાં 28મા ક્રમાંકિત અમેરિકાનાં મરિના સ્ટેફાનોની સામે થશે. મહિલા ડ્રોમાં તેઓ એકમાત્ર ભારતીય હશે.

પુરુષોની શ્રેણીમાં, ભારત પાસે અભય સિંહ, વીર ચોટરાની, રમિત ટંડન અને વેલાવન સેંથિલકુમાર એમ ચાર મજબૂત ખેલાડીઓ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RBI FPI

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ સામાન્ય માર્ગ દ્વારા કોર્પોરેટ ડેટ સિક્યોરિટીઝમાં રોકાણ કરતા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે નિયમો હળવા કર્યા છે.

આરબીઆઇએ જાહેરાત કરી છે કે એફપીઆઈને હવે ટૂંકા ગાળાના રોકાણ સહિતની મર્યાદાનું પાલન કરવાની જરૂર રહેશે નહીં. તાત્કાલિક અસરથી અમલી આ નિર્ણયનો ઉદ્દેશ એફપીઆઇ માટે રોકાણની વધુ સરળતા પ્રદાન કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# I&B - PAKISTANI CONTENT

કેન્દ્ર સરકારે OTT અને મીડિયા પ્રસારણ પ્લેટફોર્મ તેમજ દેશમાં કાર્યરત મધ્યસ્થીઓને પાકિસ્તાનમાં ઉદ્ભવતી વેબ-સિરીઝ, ફિલ્મો અને અન્ય સામગ્રી તાત્કાલિક અસરથી બંધ કરવા જણાવ્યું છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે આજે પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સુરક્ષાના હિતનો ઉલ્લેખ કરીને તેમને એક માર્ગદર્શિકા બહાર પાડી છે. મંત્રાલયે તેમને પાકિસ્તાની વેબ-સિરીઝ, ફિલ્મો, ગીતો, પોડકાસ્ટ અને અન્ય સામગ્રીનું પ્રસારણ બંધ કરવાની સલાહ આપી છે.

.........................................................................

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

આજના તમામ અખબારોએ ભારતે, પાકિસ્તાનના હુમલાનો જે આક્રમકતાથી જવાબ આપ્યો છે તેને ચિતાર આપતા સમાચારો પહેલા પેજ ઉપર તસ્વીરો સાથે છાપ્યાં છે.

દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે કે પાકિસ્તાનમાં સૈન્ય ઘૂસ્યુ .... લાહોરથી કરાંચી કચ્ચરઘાણ ! પાકિસ્તાનના પંદર સ્થળો ઉપરના હુમલાનો ભારતનો જવાબ

સંદેશ દૈનિકે લખ્યું છે કે INS વિક્રાંતનું તાંડવ ... કરાચી, ઓરમાર બંદર ધ્વસ્ત 1971 બાદ પહેલી વાર સમુદ્રમાંથી હુમલો. પાકિસ્તાનના હુમલા બાદ ભારતની લાહોરથી કરાચી સુધી સ્ટ્રાઇક આ સમાચાર ગુજરાત સમાચારની હેડલાઇનમાં છે

હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ લખ્યું છે કે પાકિસ્તાનકી એર ડિફેન્સ તબાહ...તીન લડાકુ વિમાન ગિરાયે

અંગ્રેજી અખબારો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે પણ યુદ્ધની સ્થિતિના સમચારને પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે.

આ ઉપરાંત દેશના અનેક વિસ્તારોમા બ્લેક આઉટ, એરપોર્ટ બંધ કરાયા, ગુજરાતના સિરક્રિકમાં ડ્રોન તોડી પાડવાના સમાચાર અને મોડીરાત્રે હર્ષ સંઘવીએ ગુજરાતની સ્થિતિની સમીક્ષા માટે બોલાવેલી બેઠકને પણ દરેક અખબારે પહેલા પેજ ઉપર કવર કર્યા છે.

આઇપીએલની ધર્મશાળામાં રમાઇ રહેલી મેચ બ્લેક આઉટને કારણે બંધ કરી દેવાઇ અને હવે.. ધર્મશાળામાં પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચને સલામતીનાં કારણોસર અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાડવાના સમાચાર પણ તમામ અખાબારોએ પ્રકાશિત કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .